# 1

**ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ હેઠળ ઔદ્યોગિક પાર્ક વિકસાવવા માટે સહાય**

*** 15/3/160 શ્રી ચૈતન્ય દેસાઇ** (અકોટા): **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ ની સ્થિતિએ ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ હેઠળ ઔદ્યોગિક પાર્ક વિકસાવવા માટે કેટલી સહાય મળવાપાત્ર છે, | (૧) ➢ ન્યુ બિલ્ડીંગ, અધર કન્સ્ટ્રકશન અને ઇન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી માટે માન્ય સ્થાયી મૂડી રોકાણના ૨૫% અને વનબંધુ તાલુકામાં ૫૦% પરંતુ રૂ.૩૦.૦૦ કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે.<br>➢ હોસ્ટેલ/ડોરમેટરીના નવા બિલ્ડીંગના બાંધકામના માન્ય સ્થાયી મૂડી રોકાણના ૨૫% પરંતુ રૂ.૨૦.૦૦ કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે.<br>➢ ઔદ્યોગિક પાર્ક માટે ખરીદવામાં આવતી જમીન પર ડેવલપર દ્વારા ચુકવવામાં આવેલ સ્ટેમ્પ ડ્યુટીની રકમના ૧૦૦% ડેવલપરને અને પાર્કમાં ડેવલપર પાસેથી પ્લોટની ખરીદી માટે ચુકવવામાં આવેલ સ્ટેમ્પ ડ્યુટીની રકમના ૫૦% પ્લોટ ખરીદનાર ઔદ્યોગિક એકમને પરત મળવાપાત્ર થાય છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નીતિ હેઠળ કુલ કેટલા પાર્ક નોંધાયેલ છે, અને | (૨) કૂલ–૪૬ પાર્ક. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ નીતિ હેઠળ કુલ કેટલી સહાય આપવામાં આવેલ છે? | (૩) કૂલ રૂ.૨૦૬૪.૮૧ લાખ. |

---